R.N.I.No. : 11555 / 1966

Vol No. 64 - Issue No. 10

1

Total - 36 Pages

# જ્યોતિપુંજ

# JYOTI PUNJ

Price Rs. 1/-

January - 2021










legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022-49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૪ | ૧૦ | ૨૧-૦૧-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

Visit us at www.balasinor.org


# આપણી રાશિ અને વૃક્ષ-ફૂલનું આધિપત્ય





**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

માનવ જગત પર વૃક્ષ-વનસ્પતિનાં કંઈ કેટલીય સદીઓથી અનંત ઉપકારો રહ્યા છે. વૃક્ષ આપણને જીવવા પ્રાણવાયુ, આહાર માટે ફળ અને શાકભાજી, આવાસ માટે લાકડા, ઔષધી માટે છાલ, પાન અને અંકુર આપે છે. સામા પક્ષે માનવી તેના સ્વાર્થ માટે તેના જીવનદાતા રૂપ હરિયાળા વૃક્ષોનું જ અસ્તિત્વ ખતમ કરી રહ્યો છે. તુલસી, આસોપાલવ, બિલી વગેરેને તો ખુદ પરમાત્માએ સ્વીકાર્યા છે. એટલે જ વૃક્ષો-વનસ્પતિમાં દૈવી તત્વ હોવાનું સાબિત થાય છે.

ઋષિઓને જે સંપૂર્ણ બ્રહ્માંડનું જ્ઞાન (કેવળ જ્ઞાન) થયું છે તે વૃક્ષ નીચે જ થયું છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ વખતે શુભ ઉર્જાઓનો પ્રચંડ વિસ્ફોટ થાય છે ત્યારે તેને સહન કરવાની, પરમાણુઓને પાછા વ્યવસ્થિત કરવાની તાકાત ફક્ત વૃક્ષમાં જ છે. તેથી આ પરમજ્ઞાનની પ્રાપ્તિ ઝાડ નીચે જ થાય છે. આમ વૃક્ષોને પણ મનુષ્ય અને તેની રાશિ સાથે લેણું હોય જ છે.

જે તે રાશિનું વૃક્ષોનું આધિપત્ય સુજ્ઞ વાચકની જાણકારી હેતુ આપેલ છે, શુભ અસરો મેળવવા, પર્યાવરણની રક્ષા કાજે, વનસ્પતિનાં ઋણથી આંશિક રીતે પણ મુક્ત થવા, તેનો લાભ મેળવવા પણ દરેક મનુષ્યે પોતાની રાશિમાં સમાવિષ્ટ વૃક્ષો અવશ્ય જીવનમાં એક વખત વાવવા અને પછી તેની કાળજી કરવી.

**કઈ રાશિ પર કયા વૃક્ષોનું આધિપત્ય**

| | | |
|---|---|---|
| **મેષ** | - | **ગરમાળો, આમળા, અર્જુનવૃક્ષ** |
| **વૃષભ** | - | **બોરસલ્લી, ગુલમોહર, શીરિષ** |

I.S.W.P.

BHS

Mr. BHARAT K. DOSHI
98210 27136

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, “U” BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

---

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*“Leads you to The Quality Era”*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique | CONZERV® Smart Energy Management | MEHER | LEIPOLD
CLIPSAL® | DIGILINK® | APC® by Schneider Electric | LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

| | | |
|---|---|---|
| **મિથુન** | - | **લીમડો, પીપળો, ચંપો** |
| **કર્ક** | - | **અશોક વૃક્ષ, ખેર, લીમડો** |
| **સિંહ** | - | **પીપળો, આસોપાલવ, પીપળ** |
| **કન્યા** | - | **પીપળો, અરડૂસી, લીલી** |
| **તુલા** | - | **બોરસલ્લી, મીંઢી આવળ, ગુલમહોર** |
| **વૃશ્ચિક** | - | **ખષ્ઠખરો, ગૂગળ, નાગોડ** |
| **ધન** | - | **દેશી આંબો, વડ, શેમડો** |
| **મકર** | - | **ખીજડો, રૂખડો, વડ** |
| **કુંભ** | - | **કદમ, ગરમાળો, ખીજડો** |
| **મીન** | - | **બિલી, મહુડો, બહેડા** |

**'ફ્લોરલ એસ્ટ્રોલોજી'** માં જણાવે છે કે રાશિમાં સૂચવવામાં આવેલ ફૂલોના પ્રકારનો ઉપયોગ કરવામાં આવે તો સામેની વ્યક્તિને પ્રભાવિત કરે છે. અભ્યાસકારોએ રાશિ પ્રમાણે ફૂલ કેટલા અસરકારક હોય છે તે બતાવ્યું છે.

**મેષ :** આ રાશિના વ્યક્તિઓ જીવનમાં નવા વિચારોને સ્વીકારવા તૈયાર હોય છે. તેમજ ઉત્સાહી, હિંમતવાન અને પ્રયોગાત્મક હોય છે. આ રાશિનાં લોકોને લાલ રંગના ગુલાબ સૌથી વધારે પ્રભાવિત કરી શકે છે.

**વૃષભ :** આ રાશિનાં લોકો શાંતિપ્રિય, સ્માર્ટ અને ક્રિટિકલ હોય છે. લીલી ફૂલ તેમને સૌથી વધારે પ્રભાવિત કરે છે.

**મિથુન :** વાતચીતમાં પ્રભાવશાળી આ રાશિના જાતકો નિરંતરે ફેરફાર કરનાર ગણાય છે. તેઓ મોટે ભાગે તમામ લોકોના મનપસંદ હોય છે. આ માટે જ ગુલાબનાં ફૂલ તેમનાં વ્યક્તિત્વને સૌથી વધુ અસર કરે છે.

**કર્ક :** અન્ય લોકોની ભાવનામાં ફેરફાર કરાવી શકે તે આ રાશિની સૌથી મજબૂત બાબત છે. લીલી અથવા સફેદ ગુલાબ તેમનાં વ્યક્તિત્વને સૌથી વધુ પ્રભાવિત કરે છે.

**સિંહ :** આ રાશિ પોતાની આગવી સ્ટાઈલ ધરાવે છે. તેમને ભાગ્યે જ કોઈ પડકાર આપી શકે છે. સ્વોર્ડ લીલી નામના રંગબેરંગી ફૂલ આ રાશિના લોકોને ઘણા પસંદ પડશે.

**કન્યા :** આ રાશિ ધરાવતા લોકો પ્રેક્ટિકલ વિચારસરણી ધરાવનાર અને ભરોસાપાત્ર તથા મદદરૂપ લોકો હોય છે. એમને વાદળી કે જાંબલી રંગના ફૂલ જેવા કે એસ્ટર, જબેરા ઓર્કિડ પસંદ કરવા.

**તુલા :** આ રાશિના લોકો શાંત હોય છે. લકી બામ્બુ પ્લાન્ટ અને ગુલાબની સુગંધ તેમનાં વ્યક્તિત્વમાં પૂર્ણતા આપે છે.


**Yoga By Bankim Parikh**

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**


- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes For Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

**વૃશ્ચિક** : આ રાશિને પ્રભાવિત કરવી તે પડકારજનક છે. તેઓ ગુપ્તતાને જાળવી રાખવા પણ જાણીતા છે. ઑરિએન્ટલ લીલીની તેમનાં પર ઘણી અસર કરી શકે છે.

**ધન** : આ રાશિ ધરાવનારનો આશાવાદ ઘણો જ વધારે હોય છે. આ રાશિનું વ્યક્તિત્વ ઉદાર હોય છે. કોર્નેશન નામના ફૂલ તેમને ઘણી અસર કરે છે.

**મકર** : આ રાશિ ધરાવનાર સામી વ્યક્તિને પ્રભાવિત કરનાર અને ઉત્સાહિત હોય છે. તેઓ પર લાલ કોર્નેશન ફૂલોનો પ્રભાવ વધારે પડે છે. આમ પણ આ લોકો ફૂલ પ્રેમ અને ઉત્સાહનાં પ્રતિક છે.

**કુંભ** : આ રાશિ ધરાવનાર બીજાને મદદકર્તા અને શાંતિપ્રિય હોય છે. ઓર્કિડ અને બડર્સ ઓફ પેરેડાઈઝ તેમનાં સ્વભાવને અનુરૂપ છે.

**મીન** : આ રાશિનાં જાતકો પ્રકૃતિ પ્રેમી હોય છે. તેઓ તેમની શક્તિ બીજાને મદદ કરવામાં ઉપયોગ કરી નાખે છે. તેમનાં વ્યક્તિત્વની અસર મેગનેટ જેવી હોય છે. તેઓ મેળવવા કરતાં આપવામાં વધુ માને છે. પેવિયન લીલી ફૂલ તેમનાં માટે યોગ્ય છે.

વૃક્ષો અને ફૂલો અંગેની જે ખાસિયત ઉપર જણાવેલી છે તે જનરલ છે. કોઈએ તેને જ માનીને બંધાઈ જવાની જરૂર નથી. અમારો નમ્ર પ્રયાસ છે વિસ્તૃત અને અલભ્ય પ્રાચીન માહિતીથી જ્ઞાત કરીએ. વનસ્પતિ વિશેનું હિનલબેનનું ઉપર મુજબનું તેમના પુસ્તકનું તારણ સમજવા લાયક છે.

☆ ☆ ☆

## અન્ન, આર્થિક જીવન નિર્વાહ સહાય અંગે

### ગીરીપુજા કોકિલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના, શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) અન્ન સહાય યોજના અને શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ જીવન નિર્વાહ યોજના

ઉપરોક્ત યોજનાઓ હેઠળ પ્રતિ વર્ષે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૧-૪-૨૦૨૧ થી તા. ૩૧-૩-૨૦૨૧ દરમ્યાન સહાય આપવાની છે. આ અંગેના અરજીપત્રકો તા. ૨૭-૧-૨૦૨૧ થી તા. ૧૦-૩-૨૦૨૧ સુધી નીચેના સ્થળોએથી આપવામાં આવશે. જરૂરી વિગતો ભરી આપ તા. ૧૦-૩-૨૦૨૧ સુધી અરજીપત્રકો આપી શકો છો.

**સ્થળો:**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫-૪૯ બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

૨) **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ** : ૮/૯ મહેતા હાઉસ, બીજે માળે, પંડિત રમાબાઈ રાનડે રોડ, ભારતીય વિદ્યા ભવનની સામે, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭

૩) **મે. શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ**: ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

૪) **શ્રી મણીકાંતભાઈ કડકીઆ**: મોટા મંદિરની સામે, બજાર, બાલાસિનોર

**સંયોજક – યોગેશ ધારીયા**

SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy




Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

D-Link®
Building Networks for People



# કચ્છમાં વિશ્વના સૌથી વિશાળ ક્ષમતાના રિન્યુએબલ પાર્ક અને ડિસેલિનેશન પ્લાંટ

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

કચ્છ જિલ્લો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યમાં આવેલો સૌથી મોટો જિલ્લો છે. ૪૫,૬૫૨ ચો.કિ.મી. ના ક્ષેત્રફળમાં પથરાયેલો કચ્છ જિલ્લો ભારત દેશનો વિસ્તારની દ્રષ્ટિ સૌથી મોટો જિલ્લો છે. એમ કહેવાય છે કે કચ્છનું નામ તેના કાચબા જેવા આકારને કારણે પડયું હશે. પ્રાચીન મહાનગર ધોળાવીરા, કે જ્યાં પુરાતન સિંધુ સંસ્કૃતિ વિકસી હતી ત્યારનું ગણાય છે, તે કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાના ખડીર પ્રદેશમાં આવેલ છે. અહીંયાના અન્ય વિસ્તારોમાં પણ પ્રાચીન અશ્મીઓ મળી આવેલ છે, જેનું સંશોધન કાર્ય સતત ચાલુ છે.

કચ્છની ઉત્તર દિશામાં પડોશી દેશ પાકિસ્તાન, પશ્ચિમ દિશામાં અરબી સમુદ્ર અને દક્ષિણમાં કચ્છનો અખાત આવેલો છે, જે કચ્છને કાઠિયાવાડથી જુદું પાડે છે. કચ્છના પૂર્વ ભાગ તથા ઉત્તર ભાગમાં અનુક્રમે કચ્છનું નાનું અને મોટું રણ છે. કચ્છની પૂર્વ દિશામાં રણ વિસ્તાર પછી બનાસકાંઠા જિલ્લો આવે છે.

કચ્છ બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર અને મોરબી એમ ચાર જિલ્લા સાથે અને ઉત્તરમાં રાજસ્થાન સાથે રાજ્ય સીમા ધરાવે છે. જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૫,૬૫૨ ચો. કિ.મી. છે. જે પૈકી ૩,૮,૫૫ ચો.કિ.મી.ના વિસ્તારમાં કચ્છનું રણ આવેલું છે. ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાં કચ્છ જિલ્લો ૨૩.૨૮ ટકા જેટલો વિસ્તાર ધરાવે છે. જિલ્લામાં કુલ ૧૦ તાલુકા, ૧૦ શહેરો અને ૯૫૦ ગામડા આવેલા છે.

મળી આવેલા અવષેશોને આધારે કચ્છ, પ્રાચીન સિંધ સંસ્કૃતિનો ભાગ મનાય છે. ઈ.સ. ૧૨૭૦માં સ્થપાયેલ કચ્છ એક સ્વતંત્ર પ્રદેશ હતો. ઈ.સ. ૧૮૧૫માં કચ્છ બ્રિટિશ સામ્રાજ્ય હેઠળ આવ્યું અને રજવાડા તરીકે કચ્છના મહારાવશ્રીએ બ્રિટિશ સત્તા સ્વિકારી. ઈ.સ. ૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા પછી, કચ્છ ભારતના તત્કાલીન 'મહા ગુજરાત' રાજ્યનો એક જિલ્લો બન્યું. ૧૯૫૦માં કચ્છ ભારતનું એક રાજ્ય બન્યું. ૧ નવેમ્બર ૧૯૫૬ના રોજ કચ્છ મુંબઈ રાજ્ય હેઠળ આવ્યું. ૧૯૬૦માં ભાષાને આધારે મુંબઈ રાજ્યનું મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં વિભાજન થયું અને કચ્છ ગુજરાતનો એક ભાગ બન્યું.

૧૯૪૭માં ભારતનાં ભાગલા પછી, સિંધ અને કરાચીનું બંદર પાકિસ્તાન હેઠળ ગયું. સ્વતંત્ર ભારત સરકારે કંડલામાં અધ્યતન બંદરનો વિકાસ કરવાનો નિર્ણય કર્યો. કંડલા બંદર પશ્ચિમ ભારતનું જ એક મહત્વનું બંદર નથી પરંતુ વિશ્વનું પણ પ્રથમ હરોળનું બંદર છે. ભૌગોલિક સ્થિતિની નજરે હાલ તે એશિયાનાં શ્રેષ્ઠ બંદરોમાં સ્થાન ધરાવે છે.

ઈતિહાસમાં ૧૬ જૂન ૧૮૧૯ના દિવસે કચ્છમાં ધરતીકંપ આવ્યો હતો, જેનાથી અલ્લાહ બંધનું સર્જન થતાં સિંધુ નદીના પાણી કચ્છના લખપત વિસ્તારમાં આવતા બંધ થયા હતાં અને કચ્છને ત્યારથી પાણીની અછતનો સામનો કરવાની શરૂઆત કરવી પડી હતી. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં ૬.૯ મેગ્નીટ્યૂડના આવેલ પ્રચંડ ધરતીકંપનું કેન્દ્ર કચ્છના ભુજ અને ભચાઉ વચ્ચેના લોડાઈ-ધ્રંગ વિસ્તારમાં આવેલું હતું. કચ્છનાં ૧૮૫ વર્ષના નોંધાયેલા ભૂસ્તર શાસ્ત્રીય ઈતિહાસમાં આ સૌથી તીવ્ર ધરતીકંપ હતો. જેમાં ૧૮,૦૦૦ ઉપરાંતના લોકોએ જીવ ગુમાવ્યા હતા અને હજારો ઘર નાશ પામ્યા હતાં અને જાનમાલ સાથે અબજો રૂપિયાનું નુકશાન થયેલ હતું. આમ આ કચ્છનો થોડો ઈતિહાસ તમારા સામે પ્રસ્તુત કર્યો, અને હવે મૂળ વાત ઉપર આવીએ.

II Shree Ganeshay Namah II

Dipesh Desai : 9821115849
8850333537

SERVING SINCE 1989

Harsh Desai : 7977911412
9819158669

TRADE LINK

Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | COOLEX

AJMERA
Marine Light Fittings & Switchgears

Marine Switchegears,
Marine Light Fittings,
Industrial Switchgears and Panel.

walther
Electrotechnical Systems

Plugs, Sockets,
Interlock Switch Socket,
Socket with MCB Provision

HENSEL
PASSION FOR POWER

Junction Boxes (IP 55/65/66/67/68),
MCB Boxes, Cable Drums,
Pole Boxes, Glands.

HPL

Change Over Switch
ATS, ACB, Contactor,
HRS Fuse Link,
MCCB, Relays.

COOLEX®
a smart LED innovation

LED Light Fixtures

**Sales Off. :** Room No. 20, 2nd Floor, Ajmera House, 63/67, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
H. O. : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 3956 7231 / 6631 0540 • **E-mail** : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કનો શિલાન્યાસ ભારતના વડા પ્રધાને કર્યો ડિસેમ્બરની ૧૫મી તારીખે, તમે આ વાંચતા હશો ત્યારે એક મહિના ઉપરનો સમય થઈ ગયો હશે. કચ્છ ખાતે ૩૦ ગીગા વોટ એટલે કે આશરે ૩૦૦૦૦ મેગાવોટ ક્ષમતા ધરાવતો આ હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક સિંગાપોર કે બહેરીન જેવા દેશોથી કદમાં વિશાળ હશે. આ પાર્ક ૭૦૦૦૦ હૅક્ટમાં તૈયાર થશે. આ ઉપરાંત સૌર ઉર્જા નિર્માણ માટે આ પાર્કમાં રૂપિયા ૧.૫૦ લાખ કરોડનું જંગી મૂડી રોકાણ થવા જઈ રહ્યું છે. સૌર ઉર્જા પેદા થવાથી પ્રતિ વર્ષ ૫ કરોડ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્પાદન અટકી જશે જેનાથી પર્યાવરણને ખૂબ જ મોટા પ્રમાણમાં રક્ષણ મળશે. પર્યાવરણની દ્રષ્ટિએ આ પાર્કથી એટલો મોટો ફાયદો થશે કે જે આશરે નવ કરોડ વૃક્ષો વાવવા બરાબર જેટલો હશે.

કચ્છમાં મોટા રણમાં વિઘોકોટ ચોકીથી આગળ પાકિસ્તાનની સરહદે ૩૦ હજાર મેગાવોટના દુનિયાના સૌથી વિશાળ સોલાર રિન્યુએબલ એનર્જી પાર્ક (અક્ષય ઉર્જા પાર્ક) નું ખાતમુર્હૂત ગયા મહિને થયું હતું. કચ્છના પાકિસ્તાન સરહદ પાસે રણમાં સૂર્ય, પવન ઉર્જા સાથેનો એનર્જી પાર્ક બની રહ્યો છે. ૩ હજાર પવનચક્કી લાગી ગઈ છે.

શું છે આખો પ્રોજેક્ટ અને તેના વિશે જાણો, કચ્છનું મોટું રણ એ કચ્છના નાના રણ અને બન્ની ક્ષેત્રની ઘાસ ભૂમિ મળીને ૩૦૦૦૦ ચો.કિ.મી. વિસ્તાર છે. તેમાંથી ૬૦૦ ચોરસ કિ.મી.ના જમીન ઉપર ૧.૩૫ લાખ કરોડનું રોકાણ કરીને વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક કચ્છમાં બનવા જઈ રહ્યો છે. આ પાર્કની ૨૮૦૦૦ મેગાવોટ વીજની ઉત્પાદન ક્ષમતા હશે જેમાં સોલર અને વિન્ડ પાવર જનરેશન થશે. તેમાં આ પ્રોજેક્ટના ડેવલપરોએ ત્રણ વર્ષમાં ૫૦% અને પાંચ વર્ષમાં ૧૦૦% ક્ષમતા સ્થાપવાની રહેશે. રૂા. ૧.૩૫ લાખ કરોડનું રોકાણ થવાની ધારણા સરકારની છે.

**કઈ કંપની કેટલું વીજ ઉત્પાદન કરશે ?**

અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL) ૧૦૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા સ્થાપશે. તેમાં ૮૦૦૦ મેગાવોટ સોલર અને ૨૦૦૦ મેગાવોટ વિન્ડ પાવર જનરેશન થશે. આ માટે અદાણી જુથ રૂા. ૩૦૦૦૦ કરોડનું રોકાણ કરવા જઈ રહી છે. એસઈસીઆઈ (સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા), એનટીપીસી, જીઆઈપીસીએલ, જીએસઈસી, અદાણી પાવર અને સુઝલોનને ૨૩૦૦૦ મેગાવોટ, ૫૦૦૦ મેગાવોટ, ૨૫૦૦ મેગાવોટ, ૩૫૦૦ મેગાવોટ અને ૪૦૦૦ મેગાવોટના સોલર અને વિન્ડ પાવર જનરેશન પ્રોજકટ છે.

**- સંકલન**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલ દાન

| | |
|---|---|
| **૧. એક શુભેચ્છક તરફથી** | **૫૦૦૦૦૦/-** |
| ૨. એક શુભેચ્છક તરફથી કોવીડ-૧૯ રીલીફ ફંડ માટે | ૧૧,૦૦૦/- |
| ૩. શ્રીમતી હેમાબેન વિનિતભાઈ મોદી તથા શિલ્પાબેન ઉર્વિશભાઈ મોદી (દેવ) તરફથી કોવીડ-૧૯ રીલીફ ફંડ માટે | ૧૧,૦૦૦/- |

સંસ્થા સર્વે દાતાઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી - ભાવેશ મોદી** **પ્રમુખ - સૌમિલ મોદી**

METACOLOR

# METACOLOR

[GALVANISED COLOUR COATED SHEETS]

Mfg by : **ESSAR STEEL INDIA LTD. - PUNE.**

**APPLICATIONS**

ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS

## BISON PANEL

[CEMENT BONDED WOOD PARTICLE BOARD]

**APPLICATIONS**

PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS











Authorised Dealers / Distributors

## Ralson International

Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Tel.: 022-66937019 / 65005943 • Telefax: 66937020
Rahul Dharia - 98200 59457 • Rohan Dharia: 98200 59487 • Email: ralson@bom5.vsnl.net.in

# વ્યવહાર એ તમારા સંસ્કારોનું પ્રતિબિંબ છે

✍ પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લફ્ફાપારેખ)

કોઈકે સાચું જ કહ્યું છે કે, તમારો વ્યવહાર એ તમારા સંસ્કારોનું પ્રતિબિંબ છે. રાજા ભર્તુહરિએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન થયેલા કડવા મીઠાં અનુભવોના સાર રૂપે આ શ્લોક નીતિશતકમાં આપ્યો છે.

**दाक्षिण्यं स्वजने दया परजने शाठ्यं सदा दुर्जने**
**प्रीति : साधुजने नयो नृपजने विद्वज्जने चार्जवम् ।**
**शौर्य शत्रुजने क्षमा गुरुजने कान्ताजने धृष्टता**
**ये चैवं पुरुषा : कलासु कुशलास्तेष्वेव लोकस्थिति : ।।**

મનુષ્યે પોતાના સ્વજન માટે ઉત્તમ વ્યવહાર કરવો જોઈએ, આ વ્યવહાર સામાન્ય વ્યવહાર કરતાં એક ડગલું આગળ રહીને સમર્પણ અને પ્રેમની ભાવનાવાળો હોવો જોઈએ. સ્વજન માટે મનુષ્યે હમેશાં પોતાના હૃદય અને ઘરના દ્વાર ખુલ્લાં રાખવા જોઈએ. આ બિલકુલ સો ટચનું સત્ય છે કે 'સ્વાર્થના સૌ કોઈ સગાં છે, પરંતુ સ્વાર્થીનું કોઈ સગું નથી હોતું.' મિત્રોમાં અને સગામાં પાંચપચીસ તમારા સ્વજનો હશે તો જીવન જરૂરથી હર્યુંભર્યું બની જશે, કારણ વગરના દુઃખ તમારી આસપાસ નહીં આવે અને સુખ સોગણું થઈ જશે, પરંતુ આ સંબંધના પ્રાણ તમારો વ્યવહાર છે. સ્વજનો સાથે વ્યવહાર અમૂલ્ય હોય છે. મનુષ્ય સંસારમાં ભ્રમણ કરે ત્યારે અનેક એવી વ્યક્તિઓ મળશે જે તેની સાથે કોઈ સંબંધ ધરાવતી નથી પણ સમય અને સંજોગો એ તેની સાથે આવેલી છે. આ વ્યક્તિઓ માટે મનુષ્યે હંમેશા દયા ભાવ રાખવો જોઈએ. દયા ધર્મનું મૂળ છે અને સજ્જનતાની પહેલી નિશાની છે. વટેમાર્ગુ, રોગી અને ગરીબ વ્યક્તિઓ માટે મનુષ્યે દયાભાવ રાખવો જોઈએ.

જીવનમાં કઠોર અનુભવોના કારણ બહુધા દુર્જનો હોય છે. દુર્જનો સાથેનો આપણો ઢીલો અને ઠંડો વ્યવહાર તેમની દુર્જનતાને ઓર સળગાવી મૂકે છે. ગુજરાતીમાં કહેવત છે કે કાગડા બધે કાળા હોય છે, કોઈ કાળે પૃથ્વી પર માત્ર સજ્જનો જ રહ્યાં હોય તેવું પણ શક્ય નથી. સજ્જનો અને સંતોને આવા દુર્જનોનો પનારો રાતે ને દિવસે પડયાં કરે છે. રાજા ભર્તુહરિએ દુર્જનોને સરળતાથી ન લેવા કહ્યું છે, જરૂર પડયે અને યોગ્ય સમયે દુર્જનોને તેમના કદ પ્રમાણે જવાબ આપવામાં વિલંબ ન કરવો જોઈએ. આ લોક વ્યવહારની ત્રીજી સોનેરી વાત છે. જેમ લીમડામાં દૂધ સિંચવાથી તે મીઠો નથી બની શકતો તેમ ગમે તેટલા સારા વ્યવહાર કરો પણ દુર્જનની દુષ્ટતા જતી નથી. સાપ મંત્રથી વશ થતો હશે પરંતુ દુર્જનને વશમાં કરવાનો કોઈ ઉપાય નથી. માટે પ્રથમ તો આવા દુર્જન વ્યક્તિનો ત્યાગ જ તમને શાંતિ આપશે અને ત્યાગ શક્ય નથી તો ઉપદેશ આપ્યાં વગર તેને યોગ્ય જવાબ આપવા રાજા ભર્તુહરિએ નિર્દેશ કર્યો છે.

કોણ જાણે, જે ત્યાગી છે તેને ભ્રમણકાળે બધે બધું મળે છે, અને જે રાગી કે ભોગી છે તે હંમેશા તરસતો રહે છે. દરેક વ્યક્તિની અંદર એક સાધુપણું હશે. કડવા અનુભવો અને અન્યાય માણસને ત્યાગવૃત્તિ તરફ ધકેલે છે. સંસારમાં સામાન્ય જણાતી વ્યક્તિમાં પણ સજ્જનતા અને ઉત્તમ વ્યવહાર જોવા મળી શકે છે. સામાન્ય લાગતાં માણસ પણ ઉત્તમ સેવા ધર્મ બજાવતા હોય છે, આવા જનો પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ. રાજા ભર્તુહરિએ સાધુજનો, ફકીરો અર્થાત બીજા માટે પોતાને તપાવનાર લોકો માટે પ્રીતિ રાખવા કહ્યું છે. તમે વ્યવહારમાં પણ જોશો કે, અનેક સેવાધર્મીઓ જેવા કે મહાત્મા ગાંધીજી, રવિશંકર મહારાજ વગેરે બધે ઊંડી લોકચાહના પામ્યાં હતાં, તે આ શ્લોકની સચોટતા પુરવાર કરે છે.

આપણે જીવનમાં તથા કથિત મોટી વ્યક્તિઓ અને ઊંચા આસને બિરાજમાન વ્યક્તિઓને પણ મળીએ છીએ. 'નયો નૃપજને' નય એટલે ન્યાય સંગત અને સિદ્ધાંત સાથે, રાજા સાથે હસી મજાક કે વિના તર્કની વાત ચાલે નહીં તે ધ્યાનમાં રાખવું જોઈએ. માપનો અને પ્રસંગોપાત થતો વ્યવહાર તેની મીઠાશ જાળવી શકશે તે પણ ભૂલવું ના જોઈએ. આ થઈ રાજા સાથે વ્યવહારની વાત.

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
**+91 98693 59912**

**Bhavik Bhadresh Mody**
**+91 98213 72989**

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લહાપારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

'વિદ્વજને આર્જવ' એટલે કે વિદ્વાનો સાથે નમ્રતા, પ્રમાણિકતા અને સ્વીકૃતિની ભાવના રાખવી જોઈએ. વિદ્વાનોને પ્રતિકાર કે વિવાદ પસંદ નથી હોતા, ઉલટાનું આપણને તેનાથી નુકશાન ચોક્કસ થાય છે. વિદ્વાન વ્યક્તિ ફળ લાગેલ વૃક્ષ સમાન છે, તેની પાસે જવાથી સામાન્યજનને ચોક્કસ લાભ થવાની સંભાવના રહેલી છે તે યાદ રાખવું. આવા વિદ્વાનોને રાજા ભર્તુહરિએ નમ્રતાથી સત્કારવા સૂચવ્યું છે. ભાગ્યે જ કોઈ માણસ શત્રુ વિના જીવન ગુજારશે. રાજા ભર્તુહરીએ શત્રુજનો સાથે શૂરવીરતા દાખવવા કહ્યું છે. શત્રુ અને રોગ ઉગતા ડામવા આપણાં પૂર્વજો પણ કહી ગયાં છે. શત્રુઓ સાથે શરણાગતિએ મૃત્યુ સમાન છે, અનિવાર્ય સંજોગોમાં શત્રુ માટે વ્યવહાર એટલે 'યુદ્ધ એ જ શાંતિ' હોય છે. 'ક્ષમા ગુરુજને' જેમ વિદ્વાનોને નમ્રતાથી આવકારવા કહ્યાં છે તેમ ગુરુજનો પાસે પણ ક્ષમાપૂર્ણ વ્યવહાર કરવાનો છે, અહીં ક્ષમા આપણે ગુરુજનો સમક્ષ માગવાની છે. આપણા કાર્યક્ષેત્રમાં પણ ઘણીવાર કોઈ વ્યક્તિ આપણાં ગુરુસમાન બને છે. ગુરુજનોના આપણી ઉપર અનંત ઉપકાર હોય છે, આવા ગુરુજનોને સત્કાર કરવામાં ક્યાંક તો ત્રૂટિ રહેતી જ હોય છે, માટે તેમની સમક્ષ ક્ષમાનો ભાવ-પ્રાર્થના કરવી જ ઉત્તમ રહેશે. 'કાન્તાજને ધ્રુષ્ટતા' અહી રાજા ભર્તુહરિએ સ્ત્રીઓ સાથે વ્યવહારમાં સાવધાન રહેવા કહ્યું છે. પરસ્ત્રી સાથે સ્વાર્થ કે આકર્ષણ ભરેલો સંબંધ અંત તો પુરુષને નડે છે તે વ્યવહારિક સત્ય છે. માટે પરસ્ત્રીની સોબતમાં પુરુષે ચેતવું જોઈએ.

આમ રાજા ભર્તુહરિએ સાર્થક લોકવ્યવહાર કઈ રીતે થાય તેની સોનેરી ચાવીઓ આપી છે. કોઈકે સાચું જ કહ્યું છે કે, જીવનમાં ભય પામવા જેવું કશું નથી, પણ સમજવા જેવું બધું જ છે. બધી કલામાં જીવન જીવવાની કલા સૌથી શ્રેષ્ઠ છે, અને આપણો વ્યવહાર એ તેનો આત્મા છે. **- સંકલન**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## ગિરિ પૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ નીચે સરનામે તા. ૭-૨-૨૦૨૧ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**: ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :**

**(૧) સમીર જયેન્દ્ર ગાંધી :** નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧ લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ-૨. મોબાઈલ : ૯૮૨૧૨૩૪૩૦૬. સમય : ૧૧ થી ૬ સુધી

**(૨) મનોજ રસિકલાલ પરીખ :** મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. મોબાઈલ : ૯૮૨૦૪૩૯૧૩૪. સમય : ૧૧ થી ૪ સુધી

ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - દિપક નવનીતલાલ શાહ - ૯૮૨૦૫૭૯૧૫૫**

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex**
**Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

# પતનની ખીણ - ઉન્નતિના શિખરના પંથો

✍ કિરીટ ધારીઆ (પ્રતિક્રમા)

## (સફળ જીવનની ચાવીઓ)

મહાપુરુષોના વ્યાખ્યાનો અને જીવન ચરિત્રમાંથી જીવનને સ્વર્ગ બનાવવાની ચાવીઓ જીવનમાં ઉતારીને ઉત્તમ જીવન જીવવાનો માર્ગ મેળવીએ.

(૧) પોતાના ઘરને મંદિર બનાવી કુટુંબને ઉત્તમ બનાવાય છે. કુટુંબ એક એવી તાકાત છે, જ્યારે ઘડીયાળના કાંટાઓની જેમ એક રહે તો સંજોગો ને દુનિયા સામે ઝઝૂમવાની તાકાત બની શકે. તેને માટે કુટુંબના દરેક વ્યક્તિએ પોતાનું મન નિર્મળ, મોટુ, સરળ, ભેદભાવ વગરનું અને પોઝીટીવ બનાવવું જરૂર છે

(૨) ઘરમાં તેમજ સર્વે તનાવને દૂર કરવાથી રિશ્તા નિભાવવા સરળ બને છે. માનસિક શાંતિ અને ખુશી મેળવવા ઘરને પવિત્ર રાખવાથી અને મનનું પ્રદૂષણ દૂર થવાથી કુટુંબમાં વેર અને વિરોધ તનાવમુક્ત જીવન બક્ષે છે. સમાધાન, માફી, સંકોચ અને ક્ષમા અપનાવવી જરૂરી છે. 'તું' શબ્દ ભૂલી 'આપણી' જરૂરીયાત કુટુંબમાં સચવાય ? આનંદનો અહેસાસ જળવાય. પ્રેમ અને ક્ષમાથી જીતી શકાય. વૃદ્ધો અને વડીલોનો આદર કુટુંબને ટકાવી રાખે. ઉદાર દિલથી દરેક પ્રસંગનો આનંદ અનુભવાય.

(૩) શબ્દપ્રયોગ જ તીરની જેમ કામ કરે છે. શબ્દના બોલ ધૈર્ય, સકરાત્મક, અહેસાસ, ફરજ, મીઠાસ કાર્યોને સરળ અને સહજ બનાવે છે. જબાન સુંદર તો જગત પણ સુંદર લાગે છે. દૂધના કુટુંબમાં દહીં, છાશ, માખણ, પનીર સમાયેલા છે. જેની દુનિયામાં કીંમત અલગ અલગ હોય છે. પણ તે દૂધમાંથી બનવાથી તેની કદર અને સાચવણી જરૂરી છે.

(૪) સમય, સ્વાભિમાન, આદર અને વિશ્વાસ કુટુંબ માટે સચવાય તો હંમેશની નિખાલસતા ચાલુ રહે છે. રિશ્તોમાં મીઠાશ બની રહે છે અને દુરીયા દૂર થાય છે.

(૫) સંસ્કારના બીજ, ઘરનો માહોલ સુંદર બનાવવા માટે ઈજ્જત, સન્માન અને ધાર્મિક ભાવ જરૂરી છે. ધાર્મિક સંસ્કાર ઘરના માહોલમાં મળે જે આજના આધુનિક મોલમાં નથી મળતો. ખુશનુમા, આનંદિત અને અમીર વાતાવરણ માટે ધાર્મિક સંસ્કાર કામમાં લાગે છે.

(૬) આજના આધુનિક રોગો દૂર રાખવા, ટેન્શન દૂર રાખવું જરૂરી છે. પ્રેમ, મીઠાશ અને આનંદિત મન બ્લડપ્રેશર, ડીપ્રેશન જેવા રોગો પેદા કરતા અટકે. સંતોનું મન અંતરમન વાંચી શકે છે. એક યુવક સંતને મળ્યો જેની પાસે ઊંટનો વાડો હતો. જેમાં ૧૦૦ જેટલા ઊંટ હતા. સંતે યુવકને એટલું જ કામ સોંપ્યુ કે રાત્રે આ ૧૦૦ ઊંટને બેસાડીને પછી ઉંઘી જજે. પણ જેમ જેમ આગળ ઊંટને બેસાડીને આગળ વધ્યો તેમ તે આગળના ઊંટો પાછા ઉભા થઈ જવા માંડયા અને જે સરળતાથી કરી, ઊંઘવાના ભોગે આ કાર્ય ન કરી શક્યો. તે રીતે મનુષ્યના જીવનમાં સમસ્યાઓની વણઝાર છે. એટલે જ હસતા હસતા 'પાર્ટ ઓફ લાઈફ' ને બદલે 'આર્ટ ઓફ લાઈફ' ખૂબ જ જરૂરી છે.

(૭) મનુષ્ય બીજાના સુખથી દુઃખ ન ભોગવતા, સુખીરામ બની જીવનને વ્યતિત કરવું જરૂરી છે. વિચારો સકારાત્મક અને જે પ્રાપ્ત થયું છે તેનો સંતોષ જરૂરી છે. મહત્વકાંક્ષા હોવી જરૂરી છે પણ મનને સુખીરામની વૃત્તિ પણ જરૂરી છે. સમગ્ર જીંદગી પૂરી થાય છે પણ અભિલાષા

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq™

Schneider Electric

BHAVIK PARIKH

**EEE® ESSEN ELECTRICAL ENTERPRISE**

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

પૂરી થતી નથી. જે મળે તેને પરમાત્માનો પ્રસાદ સમજવાથી તણાવ દૂર કરી શકાશે.

(૮) પરિસ્થિતી પ્રમાણે મનોસ્થિતિ રાખી જીવવાની સહનશીલતા દરેક હાલમાં સહજતાથી જીવાય તેમ બને. ભલે પરિસ્થિતી બદલાય, પણ મનોસ્થિતિ ન બદલાય. હર પરિસ્થિતીનો વ્યવહાર, જીંદગીને આનંદ લેતા શીખવે. રાજા અને સંતનો તફાવતમાં જો કૂતરો એક રોટલી જે સંત માટે જરૂરી હતી તે પણ છીનવીને ચાલી ગયો. સંતે મન મનાવ્યું કે કૂતરાને રોટલી જરૂરી હતી તો ભલે મને આજે ઉપવાસ કરવાનો મોકો મળ્યો. અને રાજાને કોઈ છીનવીને કેમ લઈ ગયો કૂતરો, તેનો ગુસ્સો કરાવે. હર હાલમાં ખુશી રહેવું તે સંત પાસેથી શીખી શકાય.

(૯) જે મારું છે તે જવાનું નથી અને જે ગયું તે મારા ભાગ્યનો દોષ માનવાની તૈયારી રાખવી પડે. અંગુઠો કપાય ત્યારે સમજવું કે ગરદન ન કપાઈ અને નાનામાં પત્યું. આનંદમાં મનને રાખતા શીખવું પડે. કોઈ મહેમાન બનીને ઘરે આવી ૫૦૦ રૂપિયાનું ખવડાવવા છતાં ૨૦૦૦ રૂપિયા ખુશીથી આપે અને જે ભાવના ઉત્પન્ન થાય તે જ ભાવના જમાઈને બોલાવીને જમાડીને કવર આપી સુખ મળે તેવી રાખતા ભીતરમાં જે આનંદ હોય તે રખાય. સમય બળવાન છે. પહેલાનાં પ્રીન્સેસ જે કપડાં પહેરીને ફરતાં, તે આજે વાજાવાળા પહેરતાં થઈ ગયા છે.

(૧૦) ધંધામાં GST લાગે છે. તે આપણા પર લગાડવાની જરૂર છે. G- Good Thinking , S - Simple Living અને T - TensionFree Life. મુશ્કુરાહટ એ ચહેરાનું ઘરેણું છે. હંમેશા હસતા રહેવું. ભલેને પરિસ્થિતી વિપરીત હોય. આનંદમાં વ્યસ્ત રહો અને તંદુરસ્તીમાં મસ્ત રહો. ☆☆☆




NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com



।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

KAYCEE KI

pla

BRISK

MARQUARDT

MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION

ELMECO

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⁙ www.modyelectrotraders.com

# તૃષ્ણા

✍ **શૈલેષ દેસાઈ**

કોઈ માણસને રત્નોથી ભરેલું આખી પૃથ્વી, વિશ્વનું આખુ સુવર્ણ, અનેક પશુઓ અને અનેક રમણીયો કોઈ માણસને મળી જાય તો તેનાથી વધારે મેળવવાની ઈચ્છા ધરાવશે. શાન્તિ ધારણ કરીને માણસે મોહેચ્છા છોડી દેવી જોઈએ. ઉપર વધવાની સાથે માણસની અપેક્ષાઓ પણ વધી જાય છે. તૃષ્ણા દ્વારા માણસના મન અને ઈન્દ્રીઓ દ્વારા જાતજાતના ખેલ ખેલે છે. માણસને એટલે જ તૃષ્ણાના હાથનું રમકડું બનાવ્યું છે. ભગવાન બુદ્ધે પણ તૃષ્ણાને દુઃખનું કારણ માની છે. એટલે જ મનોનીગ્રહ અને સંયમ વડે તૃષ્ણાને છેદવી જોઈએ. દુઃખનું ઉચ્ચમ સ્થાન જ તૃષ્ણા છે. કામ વાસના અને જીજિવિસા અને સુખની કામના માણસને ઠરવા દેતી નથી. તૃષ્ણાની તૃપ્તિ માટેની ઘેલછા માણસને બુદ્ધી ભ્રષ્ટ કરે છે. તૃષ્ણા શયન વગરની સ્ત્રી છે. તે સજ્જન અને દુર્જન બન્નેને આકર્ષે છે. તૃષ્ણા સંતુષ્ટ થવાથી માણસમાં અહંકાર જન્મે છે. અહંકાર એનામાં સત્તાભૂખ અને અનેક વિધ તૃષ્ણાઓ જન્માવે છે. મોટા બનવાની તૃષ્ણાએ અનેક માણસોને દુઃખી કરી નાના ભક્ષુક બનાવી દીધા છે.

તૃષ્ણાઓ વધારવી એટલે જીવનને દુઃખી બનાવવાનો પરવાનો સ્વહસ્તે લખી આપવો પડે છે. તૃષ્ણા માણસને અવિચારી બનાવે છે. તૃષ્ણા દેવોને પણ છોડતી નથી. તૃષ્ણા એ સમુદ્ર છે. જેમાં મીઠી ભાવનાઓ રૂપી નદીઓ મળીને ખારી બની જાય છે. ઈચ્છાએ નિર્લજ્જ ભિખારણ છે. પૂરી થયા છતા એ પ્રાપ્તીની ઈચ્છા છોડી શકતી નથી. ઈચ્છા એ અસાધારણ રોગ છે. મનુષ્યે મનુષ્યની ઈચ્છાને આધિન ન થવુ જોઈએ. માણસની ઈચ્છાઓનો અંત કેમ થતો નથી કારણ કે મન ચંચળ છે. એને બાહ્ય સુખની તલાશ હોય છે. ઈન્દ્રીઓ મનની ઈચ્છાઓને સંતોષવાનું સાધન છે. ઈન્દ્રીઓ વાસનામાં પરિતૃપ્તી શોધે છે. માણસની સુખની પરિભાષા અને સ્વરૂપ બદલાતુ રહે છે. તૃષ્ણામાં પણ અનેક તૃષ્ણામાં પણ અનેક પેટા તૃષ્ણાઓ સમાયેલી હોય છે.

એક તૃષ્ણા સંતોષાય એટલે બીજી તૃષ્ણાઓ તેનું સ્થાન લેવા હાજર હોય છે. માણસનો મન અને ઈન્દ્રીઓ પર કાબુ નથી. એટલે માણસ મનનો કહ્યાગરો બને છે. મનોનિગ્રહ મનને તૃષ્ણાનો ગુલામ બનતા રોકી શકે છે પણ એ માટે સંયમ જોઈએ છે. સંયમ સામે કષ્ટ પણ જોડાએલુ છે. તૃષ્ણાઓ મનુષ્યને સુંવાળી, રૂપાળી અને હુંફાળી દુનિયા પ્રાપ્ત થવાનું પણ લેખિત ભાવ છે. ક્ષણિક સુખો માણસ સર્વેસ્વ માની તેવા અનેક ક્ષણિક સુખોનો લાભ અને લાલચ મોહમાં સપડાય છે. સુખના ક્ષેત્રોની અંતીમ યાદી હજી તૈયાર થઈ નથી એટલે ધરતીથી આકાશ સુધી માણસ સુખને શોધ્યા જ કરે છે. તૃષ્ણાને વશ થઈને જ મહાસત્તાઓ અને સત્તાધારીઓ સુખના ઓણલાં સાકાર કરવા ઈર્ષા, દ્વેષ અને કાવતરા રચ્યા કરે છે. હકીકતમાં માણસ અપેક્ષાને કારણે દૈહિક સુખોને અંતિમ માને છે અને અનિષ્ટ આત્મિક તથા આધ્યાત્મિક સુખોને ગૌણ માને છે. એટલે એ રઘવાયો થાય છે. તૃષ્ણાની સોડ અને શાન્તિ અને આનંદ આપશે એવા ભ્રમમાં રાખે છે. ક્ષણિક સુખોની ઘેલછામાં જ મનુષ્યની વાસ્તવિક તૃષ્ણાનુ કારણ છે. માનવીની જીંદગીનો અંત આવે છે પણ તૃષ્ણાનો અંત નથી આવતો. ☆☆☆


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**
**ઘર : ૦૨૨–૨૮૯૦૪૧૦૩**

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# નવા વર્ષની શુભકામના

✍ રાજેશ કડકીઆ

વિતી ગયેલ સમય પાછો ફરવાનો નથી કે નથી પરત આવવાની હાથમાંથી સરી ગયેલી તક. આ નવા વર્ષમાં એક સંકલ્પ કરીએ કે સમય અને તકને સરી જવા નહીં દઈએ. આને યોગ્યતા આપી મન અને હૃદય જે કામના કરે છે તેને પૂરી કરવાના સંનિષ્ઠ પ્રયાસ કરીશું. હકારાત્મકતા જો કોઈ સિક્કાની એક બાજુ ગણીએ તો નકારાત્મકતા પણ એ જ સિક્કાની બીજી બાજુ છે. આજ વાતને આપણે નજર અંદાજ કરતા શીખવાનું છે. સુંદર ફ્લેમીંગો પક્ષીને કદાચ આપણે ખાતાં જોયું હશે તો આપણને ખ્યાલ હશે કે કઈ રીતે કાદવ કીચડવાળી ભીની માટીમાંથી કઈ રીતે પોતાને અનુરૂપ ખોરાક સિફતથી તારવી લે છે. બસ, આ રીતે નકારાત્મકતા વચ્ચે ઘેરાયેલા હોઈએ ત્યારે પણ તેમાંથી કોઈક સારી અને ગ્રહણ કરવા લાયક વાત શોધવાની દૃષ્ટિ કેળવવી રહી. આપણને એ ચોક્કસ જરૂરથી મળી આવશે. તેને ખેલદીલીથી અપનાવીએ, સરાહીએ, જીવન જરૂરથી સુંદર બની જશે.

અંતમાં અન્યો માટે પણ ગંભીરતાપૂર્વક વિચારતાં શીખીએ. સ્વકેન્દ્રીય વિચારસરણીની સંકુચિતતામાંથી ધીરે ધીરે મુક્ત થઈ, અન્યનાં મુખપર સ્મિત લાવીશું કે અન્યનું દુઃખ દૂર કરી તેનાં અંધકારમાં રોશની પ્રગટાવીશું તો તેમાંથી મળતા આનંદ અને પરમ સંતોષની લાગણી એવી હશે જે જીવનમાં બીજી કોઈ બાબત નહીં આપી શકે.

ઈશ્વરને સહિયારી પ્રાર્થના કરીએ કે આજથી પ્રારંભ થતું નવું વર્ષ આપણાં સહુનાં જીવનમાં પ્રકાશ, સુખ, સમૃદ્ધિ, શાંતિ, સારું આરોગ્ય અને સંતોષ આપનારૂં બની રહે.

મને શીખવ હે પ્રભુ,
સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું,
 તે મને જરૂરથી શીખવ.
બધી બાબત અવળી પડતી હોય ત્યારે,
 હાસ્ય અને આનંદ કેમ ના ગુમાવવા તે મને શીખવ.
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
 શાંતિ કેમ રાખવી તે મને શીખવ.
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
 ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.
કયા શબ્દોમાં તને પ્રાર્થના કરવી એ મને સૂઝતું નથી,
 પણ તું મારી વ્યથા જાણે છે.
મારી સાથે કોઈ વાર્તાલાપ કરનાર હોય કે ન હોય પણ
 હું તારી સાથે તો વાત કરી શકું.
તને સમયની કોઈ કમી નથી તું નિરાંતે મારી વાત સાંભળશે
 એની હું ખાત્રી રાખી શકું.
બીજું કોઈ મને ચાહે કે ના ચાહે તું તો મને ચાહે જ છે.
મને હિંમત આપ ભગવાન !
શોકની આ ગલીમાંથી પસાર કરી મને
જિંદગીના સામર્થ્ય અને સભરતા ભણી લઈ જા.
મારી પીડાઓને વાગોળવામાંથી
મારી જાતને દવાખાનામાંથી મને બહાર કાઢ
હું મારા દુઃખમાં રાચવા લાગું
અને તું પ્રકાશની બારી ઉઘાડે તે ભણી નજર ન નાખું,
એવું બને તે પહેલાં મારા હૃદયનાં સરોવરમાં તારી મધુર
શાંતિનું કમળ ખીલવ,
મારી જાતનાં બંધનમાંથી મને મુક્ત કરે.

- કુદનિકા કાપડિયા

## નૂતન વર્ષાભિનંદન

## તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

**સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.**

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

# વેલેન્ટાઈન્સ ડે

## સબસે ઉંચી પ્રેમ સગાઈ
## (પ્રેમ વિષે વિચાર વિમર્શ)

તારીખ ૧૪મી ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન્સ ડે એટલે કે જુદી જુદી રીતે પ્રેમની અભિવ્યક્તિની રજુઆત કરવાનો દિવસ. આ દિવસે નર-નારીઓ સુંદર આકારનાં ક્રિયેટિવ લખાણવાળાં ગ્રીટીંગ-કાર્ડઝ, ચોકલેટ-બોક્સ, ફ્લાવર્સ-બૂકે વિગેરે ચીજો એક બીજાને ભેટ આપીને પ્રિય વ્યક્તિ તરફના પોતાના પ્રેમની અભિવ્યક્તી પ્રગટ કરે છે.

પ્રેમ, પ્યાર, મોહબ્બત, લવ, ઈશ્ક એમ નામ ભલે જુદા જુદા પણ અનુભૂતિ તો એક જ.

પ્રેમ અંગે સંત કબીરે એના દુહામાં થોડા જ શબ્દોમાં બહુ ગહન વાત કહી દીધી છે !

**પોથી પોથી પઢી જગ મુઆ, પંડિત ભયા ન કોય,**
**ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.**

સ્વ. કવિ હરીન્દ્ર દવેએ એમના આ કાવ્યમાં પ્રેમની સરસ વાત કરી છે !

**પ્રેમમાં ચાલને ચકચૂર થૈ ચાલ્યા કરીએ,**
**સૂર્યની આંખે અજબ નૂર થૈ ચાલ્યા કરીએ.**
**એને બદનામી કહે છે આ જગતના લોકો,**
**ચાલને, આપણે મશહૂર થૈ ચાલ્યા કરીએ.**
**એના ધસમસતા પ્રવાહે બધું આવી મળશે,**
**પ્રેમનું કોઈ અજબ પૂર થૈ ચાલ્યા કરીએ.**
**પ્રેમના ગર્વથી વધતો નથી સંસારનો ગર્વ,**
**ચાલ, ભગવાનને મંજૂર થૈ ચાલ્યા કરીએ.**

Love is like war, easy to beging but very hard to stop - એટલે કે પ્રેમ એક જંગ સમાન છે. પ્રેમ અને જંગમાં શરૂઆત કરવી સહેલી છે પરંતુ એનો અંત લાવવો મુશ્કેલ છે.

સુખી લગ્ન જીવન માટે અન્યોન્ય પ્રેમ એક મુખ્ય જરૂરિયાત છે. પ્રેમ અનેક સ્વરૂપે વિહરતો હોય છે જેમ કે


Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

Krish INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068



ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

Sankalp Astrologist & Palmist

તથા


દક્ષેસ ભટ્ટ


જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯।
Email : gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨

યુવક-યુવતી વચ્ચેનો પ્રેમ, પતિ-પત્નીનો પ્રેમ, ભાઈ-બહેનનો પ્રેમ, માતા-પિતા પ્રત્યેનો પ્રેમ, મિત્રો વચ્ચેનો પ્રેમ, ભક્ત-ભગવાનનો પ્રેમ, શિક્ષક-શિષ્યનો પ્રેમ વગેરે વગેરે.

**પ્રેમની વ્યાખ્યા**

ગુજરાતી સાહિત્યના બે જાણીતા આધુનિક અને યુવાન લેખકો કાજલ ઓઝા વૈદ્ય અને જય વસાવડા અને એમના સાથીઓએ 'પ્રેમ એટલે શું ?' અને એમને તેમના વિડીઓમાં સુંદર રીતે સમજાવ્યું છે (યુ-ટ્યુબ ઉપર જોવા મળશે.)

પ્રેમ કેવળ જિંદગીનો મર્મ છે, એથી ઉંચો ક્યાં કોઈ ધર્મ છે.

મીરાંબાઈએ એના ભજનોમાં શ્રીકૃષ્ણ પ્રત્યે ગાંડપણની હદે પ્રેમ વ્યક્ત કર્યો છે જેમ કે -

**'પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની',**
**'સબ સે ઉંચી પ્રેમ સગાઈ'**

ફક્ત વેલેન્ટાઈન ડે ના દિવસે જ ચીલાચાલુ રીતે પ્રેમની અભિવ્યક્તી કરીએ એ પૂરતું નથી. પ્રેમની લાગણીને તો હંમેશા બારે માસ વ્યક્ત કરતા રહેવું જોઈએ.

વેલેન્ટાઈનનો દિવસ તો ફક્ત તમારામાં ઓલવાઈ જતી પ્રેમની ચિનગારીને ફૂંકીને વધુ પ્રદીપ્ત કરવાનો દિવસ છે.

આમ જોવા જઈએ તો ફેબ્રુઆરી મહિનો એટલે જ જાણે કે પ્રેમની મૌસમ. વસંત અને વેલેન્ટાઈન ડે બંને ફેબ્રુઆરીમાં જ આવે એટલે વેલેન્ટાઈન ડે એ વસંતપંચમીનું જ એક બીજું સ્વરૂપ છે.

આ ઋતુમાં તમને પ્રકૃતિમાં બધે પ્રેમ છલકાતો જ દેખાય. વસંત એટલે સૃષ્ટિનું યૌવન અને યૌવન એટલે જીવનની વસંત. વસંતના વધામણાં થતાંની સાથે પ્રકૃતિ નવ પલ્લીત થાય છે. પ્રકૃતિમાં નવી માદકતા આવે છે. એવું જ વેલેન્ટાઈન ડે ઉપર યુવાન હૈયાઓમાં બને છે. વેલેન્ટાઈન ડે એટલે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અનેક રીતે પ્રેમની લાગણીઓને અભિવ્યક્ત કરવાનો, ઈઝહાર કરવાનો દિવસ.

**પ્રેમ ખરેખર શું છે એ બહું ગહન સવાલ છે,**
**પ્રેમ કહેવાની નહીં, પણ અનુભૂતિની ચીજ છે,**
**પ્રેમમાં પડવાનું નહી પણ ઉભા થવાનું હોય છે,**
**પતંગની જેમ ઉંચે ગગનમાં ઉડવાનું હોય છે,**
**મનુષ્યના મનને ગમતી એક ઉત્તમ લાગણી છે,**
**બધા જ દર્દોની પ્રેમ એક અકસીર દવા છે,**
**પ્રેમનું બંધન એ એક મન ગમતું બંધન છે,**
**પ્રેમ અનેક સ્વરૂપે સર્વત્ર વિહરતો હોય છે.**
**મા-બાપનો સંતાનો પ્રત્યેનો પ્રેમ જાણીતો છે,**
**પ્રેમ વશ થઈ બહેની વીરાને રાખી બાંધે છે,**
**પતિ-પત્નીનો પ્રેમ સંસારનો સાચો પાયો છે,**
**દેશ પ્રેમ માટે માનવો બદિલાનો આપે છે,**
**સાહિત્ય પ્રેમ એ જીવન ઉત્કર્ષની ચાવી છે,**
**લયલા-મજનું ને શીરી-ફરહાદ પ્રેમના પ્રતીકો છે,**
**તિરસ્કાર નહીં પણ પ્રેમ જ એક સત્ય છે,**
**પ્રેમ આંધળો હોય છે એમ લોકોમાં કહેવાય છે,**
**પ્રેમાંધ સંત તુલસી સાપને રસ્સી માની છેતરાય છે.**
**બધાં જ ધર્મોમાં પ્રેમનો મહિમા ગવાયો છે,**
**મોહન ઘેલી મીરાનો પ્રેમ કેવો અદભૂત છે !**
**વાગી કટારી પ્રેમની એમ મીરાં જ ગાય છે.**
**રામ-પ્રેમ ઘેલી શબરી પ્રભુને એંઠા બોર અર્પે છે,**
**જેમ રસોઈમાં નમક એમ જીવનમાં પ્રેમ છે,**
**પ્રેમ જેણે કર્યો નથી, એનું જીવન બેકાર છે,**
**પ્રેમ વિનાનું કોઈનું જીવન કલ્પવું મુશ્કેલ છે !!**

સૌ વાચક ભાઈ-બહેનોને વેલેન્ટાઈન દિવસના હાર્દિક અને સપ્રેમ અભિનંદન... **હેપ્પી વેલેન્ટાઈન ડે....**

**- સંકલન**

# તલ અને તલનું કનેકશન

✍ **નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

મકરસંક્રાંતિ એટલે કે ઉત્તરાયણના દિવસે સૂર્ય દક્ષિણ દિશામાંથી ઉત્તર તરફ આવે છે. શિશિર ઋતુનો અંત આવે છે અને વસંતની શરૂઆત થાય છે, પાકની કાપણી થાય છે, આવી વિવિધ કારણોસર આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. દેશભરમાં આ તહેવાર અલગ-અલગ પ્રકારે ઉજવવામાં આવે છે. પરંતુ લગભગ દરેક રાજ્યમાં તે દિવસે તલનો ઉપયોગ કરવામાં આવે છે.

તલ ચોમાસુ પાક છે. તે એકલા વવાય છે, તેમજ કપાસ, બાજરી, તુવેર, મગફળી વગેરેમાંથી ગમે તેની સાથે મિશ્ર પાક તરીકે પણ વવાય છે. તલનું વાવેતર સૂકા અને ગરમ પ્રદેશોમાં થાય છે. પોચી-ભરભરી ગોરાડું જમીન તેને માફક આવે છે. તલના વાવેતર અને ઉત્પાદનમાં વિશ્વભરમાં ભારતનું અગ્રસ્થાન છે.

તલના છોડ આશરે બે હાથ ઊંચા થાય છે. તેનો છોડ લીલો અને લીસો હોય છે. તેના પાન ચીકણાં અને ફૂલ રતાશ પડતાં સફેદ હોય છે. કાળા, ધોળા અને રાતા એમ ત્રણ પ્રકારના તલ થાય છે. ઔષધીઓમાં કાળા તલને જ અગ્રસ્થાન આપવામાં આવે છે. ધોળા તલને મધ્યમ અને રાતા તલને હિન ગુણવાળા ગણ્યા છે.

સવારના પહોરમાં મુઠ્ઠી-બે મુઠ્ઠી તલ ચાવીને ખાવાથી શરીરને બળ અને પોષણ મળે છે અને દાંત એવા મજબૂત બને છે કે છેવટ સુધી હલતા નથી, દુઃખતા નથી તેમજ દૂઝતા હરસનો નાશ પામે છે. તલમાં ચૂનાનું પ્રમાણ ખૂબ છે. એ નાના બાળકોને માટે સારું મનાય છે. દરરોજ તલની ચીકી કે તલસાંકળી બાળકોને આપવાથી બાળકો હુષ્ટપુષ્ટ થાય છે.

તલ રસમાં છ રસ પૈકી ચાર રસ છે. તીખા, કડવા, મધુર અને તૂરા.

**: તલ અને તલના તેલના ફાયદા :**

તલમાં જૂનો ગોળ મેળવીને તલપાપડી બળને વધારનાર, વીર્યની વૃદ્ધિ કરનાર, વાયુને હરનાર, કફ તથા પિત્તને શાંત કરનાર, પુષ્ટિ આપનાર, મૂત્રના અધિકપણાને મટાડનાર છે. રાત્રે પથારીમાં પેશાબ કરવાની ટેવવાળા બાળકોને કાળા તલ અને મૂળા ખવડાવાથી ફાયદો થાય છે.

તલનું તેલ ન મળે ત્યાં સુધી શીંગતેલ વાપરવું. શીંગતેલ તલના તેલમાં મળતા ગુણો ધરાવે છે, પરંતુ તે તલના તેલ કરતા ગુણમાં ઉતરતું છે. મગફળીનું તેલ ખાંસી કરનારું ગણાય છે. ચરક તલના તેલને બળવર્ધક, ચામડી માટે હિતકર, ગરમ, સ્થિરતા આપનારું ગણે છે.

તલના તેલને સહેજ ગરમ કરી રોજ માલિશ કરવાથી એક મહિનામાં ફીકી ચામડી ચમકતી થાય છે. ચામડીની સુદંરતા વધે છે. મેદ ઓછું થાય છે અને ચળ વગેરે મટે છે. હિંગ અને સૂંઠ નાખેલા સહેજ ગરમ તેલની માલિશ કરવાથી કેડનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, અંગનું જકડાઈ જવું વગેરે રોગોમાં રાહત મળે છે.

તલના તેલમાં લસણની કળી નાખી કકડાવીને સહેજ ગરમ તેલના ટીપાં કાનમાં પાડવાથી કાનનો દુઃખાવો અને કાનના સણકા મટે છે.

**: ધાર્મિક કનેકનશ :**

ધર્મ શાસ્ત્રો અનુસાર, તલના દાનથી શનિનો પ્રકોપ ઓછો થાય છે. તલનું સેવન કરવાથી, તલવાળા પાણીથી સ્નાન કરવાથી પાપોથી મુક્તિ મળે છે અને નિરાશા દૂર થાય છે. આ સિવાય એક માન્યતા એવી છે કે ઉત્તરાયણના દિવસે અસત્ય પર સત્યનો વિજય થાય છે, માટે કડવી વાતો ભુલીને નવી શરૂઆત કરવામાં આવે છે. માટે તલના લાડુ, ચીક્કી અને બરફી ખાવામાં આવે છે.

**: ગુણકારી છે તલ :**

તલમાં કૉપર, મેગ્નિશિયમ, ટ્રાઈયોફન, આયર્ન, કેલ્શિયમ, ફોસ્ફરસ, ઝિંક, વિટામિન બી ૧ જેવા તત્વો ભરપૂર પ્રમાણમાં હોય છે. તલમાં એન્ટીઓક્સીડન્ટ ગુણો પણ હોય છે. આનાથી લોહીની લિપિડ પ્રોફાઈલ વધે છે. આ સિવાય જેને સાંધના દુખાવાની ફરિયાદ હોય, તેમણે ખાસ તલ ખાવા જોઈએ.

**શિયાળામાં તલનું મહત્વ**

જો વૈજ્ઞાનિક રીતે જોવા જઈએ તો, તલના સેવનથી શરીર ગરમ રહે છે. શિયાળામાં શરીરનું તાપમાન ઘટી જતું હોય છે, માટે બહારના તાપમાન અને અંદરના તાપમાનને બેલેન્સ કરવાની જરૂર પડે છે. તલ અને ગોળ ગરમ હોવાથી તે ખાવાથી શરીરમાં ગરમાવો રહે છે. માટે આ તહેવારમાં તલ અને ગોળની વાનગીઓ બનાવવામાં આવે છે.

**: ઉત્તરાયણ પર ખાવાનું કારણ :**

એવી માન્યતા છે કે રાહુ મકર રાશિના સ્વામી શનિ અને સુર્યનો વિરોધી છે. જેના કારણે બંને ગ્રહો દ્વારા મળતા પ્રતિકૂળ ફળના નિવારણ માટે ખાસ તલનો પ્રયોગ કરવામાં આવે છે. એવી પણ માન્યતા છે કે તલનું દાન કરવાથી વિષ્ણુની પ્રાપ્તિ થાય છે અને તેનાથી રાહુ અને શનિના દોષનો પણ નાશ થાય છે. તલ વિષ્ણુ ભગવાનને પ્રિય છે.

**: શું કહે છે આયુર્વેદ ? :**

આયુર્વેદ અનુસાર, તલ શરદ ઋતુ માટે અનુકુળ હોય છે. સ્વાસ્થ્યની દ્રષ્ટિએ તલનું વિશેષ મહત્વ છે, માટે જ તમામ ધાર્મિક કાર્યોમાં, પૂજા-અર્ચના અથવા હવનમાં અને લગ્નમાં પણ તલની ઉપસ્થિતિ અનિવાર્ય હોય છે.

**: તલ સાથે જોડાયેલી પૌરાણિક કથા :**

શાસ્ત્રો અનુસાર, મકર સંક્રાંતિના દિવસે સૂર્ય દેવ ધન રાશિથી નિકળીને મકર રાશિમાં પ્રવેશ કરે છે. મકર રાશિના સ્વામી શનિ દેવ છે, જે સૂર્ય દેવના પુત્ર હોવા છતાં સુર્ય સાથે શત્રુભાવ રાખે છે. શનિદેવના ઘરમાં સૂર્યની ઉપસ્થિતી દરમિયાન શનિ તેમને કષ્ટ ન આપે તે માટે તલનું દાન અને સેવન કરવામાં આવે છે. માન્યતા એવી પણ છે કે માઘ માસમાં જે વ્યક્તિ રોજ ભગવાન વિષ્ણુની તલથી પૂજા કરે છે, તેના બધા કષ્ટ દૂર થઈ જાય છે. માટે તે દિવસે તલ કોઈને કોઈ રીતે ચોક્કસપણે ખાવા જોઈએ.

**- સંકલન**


## મકાન વેચવાનું છે

## હોળી ચકલા, બાલાસિનોર

## મોકાની જગ્યા

**મકાન વેચવાનું છે**

**સંપર્ક :**

**દિવ્યેશ દવે**

**મોબાઈલ : 9714606140**


**શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ**

**તથા**

**બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ**

## અનુકરણીય દાન

સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

**એક સદગૃહસ્થ રૂા. ૫,૦૦,૦૦૦/-**

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ**

**જસ્મિન શેઠ, ધર્મેશ શાહ -માનદ્ મંત્રીઓ**

# એક આમળાની આકાશવાણી.....

✍ તંત્રી મંડળ તરફથી

હું આમળું, ઓળખ્યું મને....? ગોળ, લીલું ખુબ જ ખાટું લાગે એ!! English માં વળી મને Indian Gooseberry કહે છે.

મેં કોઈ દિવસ ઘુસ લીધી નથી તોય Gooseberry કેમ કહે છે આ ધોળિયાઓ ? એ મને ખબર નથી.

ભારતના ઋષિમુનીયો એ મને આયુર્વેદમાં પહેલા સૌથી પાંચ મહત્ત્વના ઔષધમાં સ્થાન આપ્યું છે, હા એ વાત અલગ છે કે આજ કાલ મારો ઉપયોગ માત્ર Hair Oil બનાવવા તરીકે વધારે થાય છે.

આ માથાના વાળે બઉ તપ કરીને વરદાન માગ્યું લાગે છે કે આ આમળું ખાલી મારી જ સેવા કરે.

હે ! મનુષ્ય મારે તમને કહેવું છે કે મારી સેવાનો લાભ માત્ર વાળ સુધી જ સીમિત નથી પણ હું તમારા આખા શરીરની સેવા કરી શકું તેમ છું.

**પહેલા તો મને જાણો :-**

૧. તમને એમ લાગે કે હું તુરું અને ખાટું છું right? પણ તમારી અજ્ઞાનતા હું દૂર કરી દઉં, મારામાં સ્વાદના છ એ છ રસ છે, એટલે કે તીખા, ખાટા, તુરા, મીઠા, ખારા, કડવા !

૨. મારામાં ૪૪૪ mg - ૬૫૦ mg / ૧૦૦ g Vitamin C હોય છે.! જે Orange માં હોય એના કરતા ૨૦ ગણું વધારે છે.

૩. ભારતમાંથી હું દર વરસે ૨૫૦૦૦ MT જેટલી નિકાસ થઈને બીજા દેશમાં જાઉં છું.

૪. હું દર શિયાળામાં તમને મળી શકું છું.

૫. હું ત્રણેય દોષ વાત, કફ અને પિત્તને સંતુલિત કરું છું.

૬. આયુર્વેદ પ્રમાણે હું એક રસાયણ છું.

**મારા ફાયદા જાણો :-**

૧. તમને પજવતો Cholesterol વાસ્તવમાં તેના બે ભાઈઓ છે, HDL અને LDL, હિન્દી Movie માં જેમ હોય. એક ભાઈ સારો અને એક ખરાબ અને એને કન્ટ્રોલ મા રાખે એની મા, તો બસ હું HDL જે સારો છે અને body માં વધે તો સારું એટલે હું એને encourage કરું છું વધવા માટે અને, આ નઠારો LDL ને ડંડા મારીને ઘટાડું છું, અને એ હું મારું જે શસ્ત્ર Pectin છે તેના દ્વારા કરું છું.

૨. Antioxidant - એટલે કે શરીર ઝેરીલું બનતું હોય છે એને ચોખ્ખું હું કરી શકું છું, અને આથી હું Cancer જેવા રોગો સામે દિવાલ બનીને ઉભો રહી શકું છું.

૩. ચ્યવનપ્રાશ - વરસો પહેલા ચ્યવન નામના ઋષિ ૭૦ વર્ષના થયા ત્યારે એમને એક રસાયણ શોધ્યું જે વૃદ્ધોને પણ યુવાન બનાવી દે, એને આપણે આજે ચ્યવનપ્રાશ કહીએ છીએ, ચ્યવનપ્રાશમાં મારું પ્રમાણ ૭૦-૭૫ % હોય છે.

૪. કબજિયાત - ૯૦% લોકો આનાથી પીડાય છે અને અગણિત રોગો આના દ્વારા થાય છે. મારો Juice રોજ સવારે પીવે તો જેમ kitchen ની સીન્કની pipeline ને કચરો ચોંટયો હોય અને દુર કરવા chemical નાખવું પડે એવી જ રીતે હું તમારા પેટમાં જાઉ અને તેની દીવાલ પર ચોંટેલો કચરો દુર કરી દઉં છું.

૫. Diabetes - ભારત દેશમાં તેમજ વિશ્વામાં આ રોગે ભરડો લીધો છે, તો આ diabetes ને પણ હું કંટ્રોલ કરી શકું છું, હું Glycosylated Hemoglobin ને બનતું અટકાવું છું. જેને કારણે તમારું Diabetes control માં રહી શકે છે.

૬. મારો ઉપયોગ ચામડી થી લઈ માથાના વાળ, તમારું Heart, પેટ, લોહી વગેરેને ઠીક કરવા માટે થાય છે, મારા ઉપયોગ અગણિત છે !

એટલે કે હું allrounder છું ! Blood pressure, diabetes, વાજીકરણ, પેટના રોગો, સ્કીન અને વાળના રોગો, લોહી શુધ્ધિકરણ, શક્તિવર્ધક, ત્રણેય દોષોને અને બીજા અગણિત રોગોની સારવારમાં હું ખુબ જ ઉપયોગી બની શકું છું.

કરવા જેવું કામ એ હવે શિયાળો આવે ત્યારે રોજ ફ્રેશ આમળા લઈ અને ફ્રેશ Juice ૨૫ ml - ૫૦ ml પી જુવો અને તે આખો શિયાળો પીવો અને ફરક જુઓ ! જો ચમત્કારી ફરક ના જોવા મળે તો મારું નામ આમળાંમાંથી આખલો અને gooseberry માંથી Faltooberry કરી નાખજો !

ચાલો આવજો........ - સંકલન

# આનંદમય - વિસામો

વિસામો એટલે વિરામ, સંપૂર્ણ આરામ નહિ. ઘડપણની ખરી વ્યાખ્યા એટલે 'ઘસારા ફંડ'. જીવનની અંતિમ પળ સુધી ઘસાવવું એટલે અન્યને અર્થે સહાયતાં કરતા જાત ઘસી નાખવી. વૃદ્ધ શબ્દમાં વૃદ્ધિની અર્થ છાયા છે. સતત વિકસવું, સતત વૃદ્ધિ પામવું એ જ છે વૃધ્ધત્વની સાચી-સચોટ વ્યાખ્યા. જીવનમાં હકારાત્મક અભિગમ માણસની વયને ઘણી ઓછી કરી નાખે છે.

વૃધ્ધત્વ એટલે થાક નહિ, કંટાળો નહિ, પરવારી જવું એમ પણ નહિ. વૃધ્ધત્વ એટલે પુનઃ જિંદગીનાં પ્રેમમાં પડવું. રિટાયર્ડ-નિવૃત્તી થવું એટલે કામ ન કરવું એ સદંતર ખોટી વ્યાખ્યા છે. સાચી નિવૃત્તી એટલે સમાજ માટે કે પોતાનાં પરિવારજનો-સંબંધીઓ માટે કોઈપણ પ્રકારનાં સ્વાર્થ વગર અને અપેક્ષા વિના સતત પ્રવૃત્તિશીલ રહેવું. જ્યારે સમાજ અને પોતાનાં જીવન માટે હકારાત્મક અભિગમ સાથે વ્યક્તિ જીવનનો પ્રારંભ કરે છે ત્યારે જ આનંદ સિવાયના અન્ય તત્ત્વો જીવનમાંથી ચાલતી પકડે છે. જિંદગીની કોઈપણ પળને કોઈપણ સમયે, કોઈપણ ઉંમરે માણી શકાય છે.

આજની આ પળને ક્ષણને હકારાત્મક અભિગમથી જીવો એજ જીવન. વર્તમાન પર ભૂતકાળનો ભાર નાખી દેવાથી કે ભવિષ્યની કલ્પનાઓ આરોપી દેવાથી જીવન હાથમાંથી સરકી જાય છે. જે હાથવગુ છે તેને માણવું, ભરપૂર માણવું, પ્રેમથી માણવું, તમામ મોહને જતાં કરવાં. ભૌતિક અને લૌક્કિ વસ્તુઓ પ્રત્યે ધ્યાન જ ન આપવું એ વૃધ્ધત્વને માણવાની અમૂલ્ય ચાવી હોઈ શકે છે અને આવી ચાવીઓનો એ ઝૂડો કોઈ શાસ્ત્રો, ધર્મગુરુઓ કે સ્વજનો પાસે શોધવાને બદલે પોતાની જાતમાં જ શોધવો કારણ કે તે ત્યાં જ છે.

તંદુરસ્ત તન અને મન, ચિત્ત સદૈવ પ્રભુમય રાખવું એ જ સુખી વૃધ્ધત્વની સાચી ચાવી છે.

૩૧ ડિસેમ્બર ૨૦૨૦ એટલે વર્ષનો નહિ... ૨૦૧૧ થી ૨૦૨૦ સુધીના એટલે કે એક દસકાનો અંતિમ દિવસ હતો. નવા સંઘર્ષ અને નવા સંકલ્પ સાથે આજે એક નવા દસકામાં પ્રવેશીએ છીએ ત્યારે કોઈ સાથ આપે કે ના આપે તો એકલા ચાલવાની નેમ સાથે, કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કવિતા એકલા ચલો કવિતાને પ્રાર્થના સ્વરૂપે યાદ કરીને આપ સૌની સમક્ષ રજુ કરું છું.

એકલા જાને રે
તારી જો હાક સુણી
કોઈ ના આવે તો
એકલો જાને રે
એકલો જાને, એકલો જાને, એકલો જાને રે
    તારી જો હાક સુણી
    કોઈ ના આવે તો
    એકલો જાને રે
જો સૌનાં મોં સીવાય
ઓરે ઓરે ઓ અભાગી
સૌનાં મોં સીવાય
    જ્યારે સૌએ બેસે મોં ફેરવી
    સૌએ ડરી જાય
    ત્યારે હૈયું ખોલી અરે તું મૌન મૂકી
    તારા મનનું ગાણું એકલો ગાને રે
        તારી જો હાક સુણી
        કોઈ ના આવે તો
        એકલો જાને રે
જો સૌએ પાછાં જાય
ઓરે ઓરે ઓ અભાગી ! સૌએ પાછાં જાય
જ્યારે રણવગડે નીસરવા ટાણે
    સૌ ખૂણે સંતાય
    ત્યારે કાંટા રાને
    તું લોહી નીંગળતે ચરણે
    ભાઈ એકલો ઘાને રે
        તારી જો હાક સુણી
        કોઈ ના આવે તો
        એકલો જાને રે
જો દીવો ન ધરે કોઈ
ઓરે ઓરે ઓ અભાગી ! દીવો ન ધરે કોઈ
    જ્યારે ઘનઘેરી તુફાની રાતે
    બાર વાસે તને જોઈ
    ત્યારે આભની વીજે, તું સળગી જઈ
    સૌનો દીવો એકલો થાને રે
        તારી જો હાક સુણી
        કોઈ ના આવે તો
        એકલો જાને રે

**મૂળ કૃતિ : ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની**
**ગુજરાતી અવતાર : મહાદેવભાઈ દેસાઈ**

# VADASINOR PRAGATI SAMAJ CO-OP. CREDIT SOCIETY LTD.
## 34TH ANNUAL REPORT

Balkrishna Krupa, 1st Floor, 45/49, Babu Genu Rd., Off. Kalbadevi Rd., Mumbai 400 002.

## A.G.M. NOTICE

Notice is hereby given that 34TH Annual General Meeting of Vadasinor Pragati Samaj Co-op Credit Society Ltd. for the year 2019-2020 will be held on THURSDAY 28TH DAY OF JANUARY, 2021 at 5.00 P.M. at Registered office of the society to transact the business as per given Agenda. President Shri. PRAFUL C. SHAH will preside over the Chair.

**AGENDA**

1) To read, confirm and approve the minutes of 33rd Annual General Meeting, year 2018-2019, held on 11th day of July, 2019.
2) To receive, consider and adopt the Annual Report of the Society (2019-2020).
3) To take a note of the loans borrowed by committee members or their family members and recovery thereof, also to take a note of any guarantee given by committee members to any of the borrower.
4) To receive, consider and adopt the internal Audited Balance Sheet and Income & Expenditure Account along with Internal Auditor's Report of the Society (2019-2020).
5) To receive, and adopt Statutory Auditor's Report (2019-2020).
6) To consider & adopt the Rectification report on statutory Audit (2018-2019 & 2019-2020).
7) To propose the creation of special Covid Relief Fund, recommended by the Managing Committee and to authorize the Appropriation and Distribution of profit (2019-2020).
8) To appoint Internal Auditor for the financial year 2020-2021 and to fix their remuneration.
9) To appoint Statutory Auditor for the financial year 2020-2021 and to fix his remuneration.
10) To approve buy back of shares including transfers, approved by the Managing Committee (2019-2020).
11) To appoint Honorary Legal Advisor of the society (2020- 2021).
12) To approve proposed Budget (2020-2021).
13) To approve the additional Bonus to be given to the staff on earned wages (2019-2020).
14) To Appoint a Convener & his committee members, of "Grievances Redressal & Compromise Committee".
15) To provide information on criteria lay down as per Model by-laws of Active/Non-active and Nominal membership.
16) To brief about the election procedure of Managing committee (2020-2025).
17) To transact any other business duly brought forward with the permission of the Chair.

Mumbai,
2nd day of January, 2021

By order of Managing Committee
Sd /-
**Kaushik K. Kadakia** (Chairman)

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અનુકરણીય દાન

**: સખાવતી દાતા શ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી :**

**એક સદગૃહસ્થ તરફથી ૪,૭૦,૦૦૦/-**

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ**

**મંજુલ ધારિયા, અનિશ ગાંધી તથા સમીર શાહ – માનદ્ મંત્રીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે નવેમ્બર ૨૦૨૦ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, સોનોગ્રાફી મોબાઈલ તેમજ ઈમરજન્સીમાં કુલ ૨૮૯૩ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૧૮૯ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૬૬૮ દર્દીઓએ લાભ લીધેલ છે. મેજર ઓપરેશન ૧૧૨ તથા માઈનોર ૨૩ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૨,૪૭,૭૯૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૪૭,૪૩૦/- ની માફી કરવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે નવેમ્બર ૨૦૨૦ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૨૧૪ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં ૧૬૭ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૪૯૯ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ રૂા. ૬૩,૨૦૩/-ની દવા માફી તેમજ લેબોરેટરીમાં રૂા. ૫૨૧૦/- ની માફી તથા એક્સ રે માં રૂા. ૬૦૦/- ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૧૩,૭૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર કે જે 'કોવીડ-૧૯ હોસ્પિટલ' તરીકે સરકારશ્રી હસ્તક હતું. તેને સરકારશ્રીએ આપણને તા. ૧૧-૧૨-૨૦૨૦ ના રોજથી સુપરત કરેલ છે. જેથી હવે નો કોવીડ હોસ્પિટલ તરીકે સદર હોસ્પિટલ શરૂ કરી દેવામાં આવેલ છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એમ.એન.એમ. નર્સીંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી માન્યતા મળી ગયેલ છે. આ બેઉ કોર્સ માહે જાન્યુઆરી ૨૦૨૧ થી ચાલુ થનાર છે.

**આ માટે નીચે મુજબની લેબોરેટરીના નામકરણ માટે દાતાશ્રીઓને અપીલ કરવામાં આવે છે.**

| | |
|---|---|
| ૧. પ્રી-કલીનીકલ સાયન્સ લેબ (એનાટોમી તથા ફીજીયોલોજી) | રૂા. ૧૫ લાખ |
| ૨. એવી.-એઈડ લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૩. એડવાન્સ સ્કીલ નર્સીંગ લેબ. | રૂા. ૧૫ લાખ |
| ૪. નર્સીંગ ફાઉન્ડેશન લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૫. એમસીએચ એન્ડ પીડીયાટ્રીક લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૬. ન્યુટ્રીશન લેબ. | રૂા. ૦૫ લાખ |
| ૭. કોમ્પ્યુટર લેબ. | રૂા. ૧૦ લાખ |
| ૮. લાઈબ્રેરી | રૂા. ૦૫ લાખ |

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન**

| | |
|---|---|
| ૧. એક અનામી દાતા (કોમ્યુનીટી હેલ્થ લેબ નર્સીંગ કોલેજના નામકરણ માટે) | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| ૨. પુષ્પાબેન અને નવટરલાલ સી. મોદી (એમ.સી. મોદી) હસ્તે - શ્રી કમલેશભાઈ મોદી | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. શ્રી ચંદ્રવદનભાઈ શાંતિલાલ શાહ | રૂા. ૫૦,૦૦૦/- |

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી નિતીન પરીખ / શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લિ.

શેર હોલ્ડર ભાઈઓ તથા બહેનો,

હાલની પરિસ્થિતીને અનુલક્ષી, કોવીડ-૧૯ મહામારીને મધ્યનજર રાખતા, સોસાયટી દ્વારા નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું ડીવીડન્ડ ન ફાળવતાં, તે રકમમાંથી કાર લોન સિવાયની તમામ અન્ય લોનો ઉપર, પ્રત્યેક સભ્યોને (જેઓની લોન ચુક્તે ન થઈ હોય તેવા સભ્યોને) એપ્રિલથી જુલાઈ માસ સુધી વ્યાજ દરોમાં રાહત આપવામાં આવશે. આ રાહત સોસાયટીની વાર્ષિક સામાન્ય સભામાં મંજુરી મેળવ્યા બાદ, લોન લેનાર સભ્યના ખાતામાં જમા કરવામાં આવશે.

જે કોઈ સભ્યોની લોન એપ્રિલ થી જુલાઈ માસ સુધીમાં ચુકતે થઈ હશે, તે સભ્યોને રાહતની રકમ ચેક દ્વારા આપવામાં આવશે.

દરેક સભ્યોને તેની નોંધ લેવા નમ્ર નિવેદન.

**વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લિ. વતિ**
**માનદ્ મંત્રીઓ – શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા તથા**
**શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી**


Dent Villa
*The Complete Family Dental Care*

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને દરિયાદિલ દાતા શ્રી પંકજભાઈ કાંતિલાલ ધારીઆ (લાલખાં) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખ પૂરા) નું માતબર દાન મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપૂંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાંની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના ઉત્તરોત્તર સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સાથે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા અંગેનું M.O.U. અગાઉ જણાવ્યા મુજબ બાલાસિનોર વિદ્યામંડળ દ્વારા સુવર્ણજયંતી સમારોહ સમયે નર્સિંગ કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેને અમલમાં મુકવા સરકારી ધારાધોરણ અને નિયમોને આધીન નર્સિંગ કોલેજ શરૂ કરવાની પ્રક્રિયા દરમિયાન જાણકારી મળી કે સંસ્થા પાસે ૨૦૦ બેડની હોસ્પિટલ હોવી જોઈએ જે આપણા માટે શક્ય નથી.

નર્સિંગ કોલેજ માટે સંસ્થાને એક કરોડ દાન માટે ઓફર પણ ખાનગીમાં દાતા તરફથી મળી હતી. તેથી સંસ્થાએ કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને સુચન કર્યું કે સરકારી ધારા ધોરણ અને નિયમોને આધીન તેમની પાસે ૨૦૦ બેડની હોસ્પિટલ હોવાથી, તેઓ નર્સિંગ કોલેજ શરૂ કરી શકશે, અને તે માટે બાલાસિનોર વિદ્યામંડળની કારોબારી સમિતિએ સંસ્થાનું સુધારેલ બંધારણ (તા. ૧૧-૨-૨૦૦૭) ના મેમોરેન્ડમ ઓફ અસોસિયેશનના ધારા ધોરણ અને નિયમો અંતર્ગત કોલેજ બિલ્ડીંગ, ઓડીટોરીયમ હોલ, ગ્રાઉન્ડ, હોસ્ટેલ, કેન્ટીન, લાઈબ્રેરી તથા અન્ય જરૂરી સુવિધાઓ કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને ઉપલબ્ધ કરવાની તૈયારી બતાવી.

બાલાસિનોર વિદ્યામંડળે પોતાના ભંડોળમાંથી રૂા. ૭૫ લાખ ફાળવીને વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ, એમ.એસ.ડબલ્યુ કોલેજ અને શ્રીજી સાયન્સ કોલેજના ઉપરના બીજા માળે (૭૫૦૦ સ્કવેર ફુટ) બાંધકામ શરૂ કર્યું અને સમગ્ર બીજો માળ કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ નર્સિંગ કોલેજને ફાળવ્યો. બીજા માળનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૨૧માં સંપૂર્ણ પૂર્ણ થશે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

---

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલા

✤ **શ્રીયા જસ્મિન શેઠ (અત્તરવાલા)** જેણે આ વર્ષે Bachelor of Design in Visual Communication ની Final Year ની પરીક્ષામાં First Class with distinction થી પાસ થયેલ છે.

સંસ્થાવતી તેઓને હાર્દિક અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ તુષાર પ્રવિણચંદ્ર મોદી (કોઠીઓવાળા) | ૫૫ |
| ✤ રજનીકાંત કોદરલાલ મોદી (કાપડિયા) | ૮૯ |
| ✤ રાજેશ જયંતિલાલ શાહ (વડોદરાવાળા) | ૬૯ |
| ✤ ચેતના કિરીટ કડકીઆ (બનડા) | ૬૯ |
| ✤ રસિકલાલ ચીમનલાલ મોદી (ઠાસરાવાળા) | ૯૧ |
| ✤ અનિલાબેન રમણિકલાલ શાહ (ચટઈ) (USA) | ૮૧ |
| ✤ તારાબેન નટવરલાલ પરીખ | ૯૪ |
| ✤ કુમુદબેન રાજેશભાઈ ધારીઆ | ૭૨ |
| ✤ મનન શાંતિલાલ દેસાઈ | ૬૮ |
| ✤ કૌશિક કાંતિલાલ કડકીઆ | ૭૬ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

## WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

PRABHAT WIRES LLP

Buy POLYCAB, Buy SAFETY

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month




Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.